**(પરિપત્રનો અભ્યાસ કર્યા બાદ જ પરિણામનું વિતરણ કરવું)**

**પરિપત્ર** **સામાન્ય પ્રવાહ**

જા.નં. : મંઉમશબ/ક/૧/સામાન્ય/પરિણામ-૧૩
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર, તા. 3-6-2013

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
ઉચ્ચતર માધ્યમિક શાળા (તમામ) / G.S.O.S. ના સ્ટડી સેન્ટર
ગુજરાત રાજ્ય

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2013 (સામાન્ય/વ્યવસાયલક્ષી/ઉ.બુ. પ્રવાહ)ના પરિણામ બાદની કાર્યવાહી બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, માર્ચ-2013 ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (સામાન્ય/વ્યવસાયલક્ષી/ઉ.બુ. પ્રવાહ) વાલી/વિદ્યાર્થી અને શાળાઓને માર્ગદર્શન જરૂરી સૂચના મોકલી આપવામાં આવે છે. જે અંગે **શાળાના આચાર્યશ્રીએ પૂરતો અભ્યાસ કરી કાર્યવાહી કરવાની રહેશે.**

પરિણામ સાથે તમામ ઉમેદવારોના ગુણપત્રક અને ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોનાં પ્રમાણપત્ર મોકલી આપવામાં આવે છે, ઉપરાંત ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2013ના SRતથા માર્ચ-2013માં એક વિષયમાં પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા, અનુત્તીર્ણ ઉમેદવારોની યાદી મોકલી આપવામાં આવે છે. તેમજ ગુણ ચકાસણી, દફ્તર ચકાસણી, ગુણ તૂટ ન સ્વીકારવી, ઉત્તીર્ણ ઉમેદવારોએ મેળવેલ પરિણામ સુધારણા અને નામ સુધારા માટેના અરજીના નમૂના મોકલી આપવામાં આવે છે જેની જરૂરિયાત મુજબની ઝેરોક્ષ કરી ઉપયોગ કરવો.

**અરજીઓ સ્વીકારવાની અંતિમ તારીખ**

| | | | |
|---|---|---|---|
| 1. | ગુણ ચકાસણી | પરિશિષ્ટ-1 | તા. 10-6-2013 થી તા. 24-6-13 સુધી |
| 2. | દફ્તર ચકાસણી | પરિશિષ્ટ-3 | તા. 10-6-2013થી તા. 24-6-13 સુધી |
| 3. | નામ/અટકમાં સુધારો | પરિશિષ્ટ-H અને પરિશિષ્ટ-I | પરિણામના ત્રણ માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી. તથા અસલ ગુણપત્રક/ પ્રમાણપત્ર આપવામાં આવશે. (ત્યારબાદ અરજી કરનારને ડુપ્લીકેટ ગુણપત્રક મળશે.) |
| 4. | ગુણતૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-5 | તા. 10-07-2013 સુધી |
| 5. | ઉત્તીર્ણ ઉમેદવાર દ્વારા પરિણામ રદ | પરિશિષ્ટ-6 | તા. 01-09-2013 થી તા. 30-09-2013 સુધી |
| 6. | જુલાઈ-2013 પૂરક પરીક્ષા આવેદનપત્ર (યાદી) મોકલવાની છેલ્લી તારીખ | યાદી | તા. 25-06-2013 ના રોજ રૂબરૂમાં જિલ્લાકક્ષાએ સ્વીકારવામાં આવશે. |

સૂચનાઓ :

1. **વેરિફીકેશન :** ઉમેદવારના ગુણપત્રકનું SR સાથે વેરિફીકેશન કર્યા બાદ જ તેનું વિતરણ કરવું.

2. **નામ-સુધારો : આચાર્યએ વાલી/વિદ્યાર્થીને ગુણપત્રકમાં નામ (અંગ્રેજી સ્પેલીંગ) ચકાસી જવા ખાસ જણાવવું** અને નામમાં સુધારો કરાવવો જરૂરી હોય તો નામ સુધારો કરવા માટે નિયત સમયમર્યાદામાં અરજી કરવા જણાવવું. ધોરણ-10 (S.S.C.)ની માર્કશીટ અથવા L.C. મુજબ વિદ્યાર્થીના નામમાં કોઈ સુધારો કરવો જરૂરી હોય તો, આધાર પુરાવા સાથે નિયત અરજીપત્રકમાં પરિશિષ્ટ H અને I માં સમયમર્યાદામાં અરજી કરવા વિદ્યાર્થીને માર્ગદર્શન આપશો. સમયમર્યાદામાં મળેલ નામ સુધારા અરજી માટેના ઉમેદવારને જ બોર્ડ દ્વારા સુધારા સાથેનું મૂળ (Original) ગુણપત્રક-પ્રમાણપત્ર પરિણામથી ત્રણ માસની મુદત સુધીમાં આપવામાં આવે છે. પરિણામના ત્રણ માસ બાદ નામ સુધારવા માટે અરજી કરનારને ડુપ્લીકેટ ગુણપત્રક-પ્રમાણપત્ર મળશે.

3. **મેળવેલ ગુણ તૂટ ન સ્વીકારવા અંગે : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 40(4) અન્વયે : કૃપાગુણ (ગુણ-તૂટ ક્ષમ્યતા)થી પાસ થયેલ ઉમેદવાર જો ઉચ્છે તો કૃપાગુણ રદ કરવાની અરજીઓ તા. 10-07-2013 સુધીમાં બોર્ડની કચેરીને પરિશિષ્ટ-5 માં દર્શાવ્યા મુજબ મોકલવી. બોર્ડ દ્વારા કૃપાગુણ (ગુણ-તૂટ ક્ષમ્ય) રદ કરી અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. સમયમર્યાદા બહાર મેળવેલ અરજી પર કોઇ પણ સંજોગોમાં કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહીં.**

4. **ગુણ ચકાસણી :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 45 અન્વયે : ગુણ ચકાસણી કરાવવા માગતા ઉમેદવારે તેઓની અરજી બોર્ડ દ્વારા નિયત કરેલ અરજીપત્રકમાં નીચે દર્શાવેલ ફી સાથે જણાવ્યા મુજબની સમયમર્યાદામાં બોર્ડ દ્વારા નિયત કરેલ 'અરજી સ્વીકાર કેન્દ્ર' ખાતે જમા કરાવવાની રહેશે. જિલ્લાવીર આવી અરજીઓ સ્વીકારવા માટેના સ્થળોની યાદી પરિશિષ્ટ 1 માં દર્શાવેલ છે.

| વિગત | અરજી સ્વીકારવાની અંતિમ તારીખ | ફી |
|---|---|---|
| ગુણ ચકાસણી | 24-06-2013 | રૂ. 100/-<br>(વિષય દીઠ) |

5. **દફતર ચકાસણી :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) ૨૦૦૫ના વિનિયમ '૫૨' અન્વયે : દફતર ચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવારે પરિશિષ્ટ-3 મુજબના નિયત અરજીપત્રકમાં આધારો સાથે તા. 24-06-2013 સુધીમાં (ફી વગર) બોર્ડ કચેરીને અરજી મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા બાદની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. તા. 24-06-2013બાદ આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં. તેમજ તે અંગેની કોઇ રજૂઆત ભવિષ્યમાં પણ ધ્યાને લેવાશે નહીં.

6. ઉત્તીર્ણ ઉમેદવારે મેળવેલ પરિણમ સુધારવા, પુનઃ ઉપરસ્થિત થવા અંગે (પરિશિષ્ટ-6) : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ 2013માં ઉત્તીર્ણ ઉમેદવારો તેઓએ મેળવેલ પરિણામની સિદ્ધિ સુધારવા ઇચ્છતા હોય તો માર્ચ-2013નું પરિણામ રદ કરાવીને માર્ચ-2014ની મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે. આ માટે ઉમેદવારો નીચેની શરતો ધ્યાને લઇ પરિણામ રદ કરાવી શકશે.

   (1) માર્ચ-2013નું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર પરત કરવાનું રહેશે.

   (2) માર્ચ-2013ના વિષયો સાથે જ માર્ચ-2014માં ઉપસ્થિત થઇ શકશે. વિષય બદલી શકાશે નહીં.

   (3) માર્ચ-2013ના પરિણામના આધારે કોઇ વિષયની પરીક્ષામાં મુક્તિ દાવો કરી શકાશે નહીં.

   (4) શાળામાં પુનઃ પ્રવેશ મેળવી શકાશે નહીં.

   (5) ધોરણ 12ના શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી અને બોર્ડ પરિણામ રદ કરવાની દરખાસ્ત માન્ય રાખે અને લેખિત પ્રત્યુત્તર આપે ત્યારે શાળા છોડયાના પ્રમાણપત્ર અને જનરલ રજિસ્ટરમાં રીમાર્કના ખાનામાં 'માર્ચ-2013 માં મેળવેલ પરિણામ પુનઃ ઉપસ્થિત થવાથી રદ' એવો ઉલ્લેખ અવશ્ય કરવાનો રહેશે.

(6) તમામ પ્રવાહના ઉમેદવારો પરિણામ સુધારણા માટે તા. 01-09-2013 થી તા. 30-09-2013 સુધીમાં પરિશિષ્ટ-5 મુજબના નિયત નમૂનામાં જરૂરી આધારો સહ વિજ્ઞાન પ્રવાહ માટે 'ક' શાખા અને અન્ય પ્રવાહ માટે 'ક-1' **શાખામાં રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.**

(7) આવા ઉમેદવારોએ માર્ચ-2014 માટે આવેદનપત્ર બોર્ડ દ્વારા નિયત કરેલ નમૂનામાં ઑક્ટોબર-2013 માં ભરવાનું રહેશે અને માર્ચ-2014 ની પરીક્ષાના પરિણામ સમયે બોર્ડ દ્વારા અલગથી નવું ગુણપત્રક આપવામાં આવશે. ઉક્ત પરિણામ ઉમેદવારે માન્ય રાખવાનું રહેશે. અગાઉનું પરિણામ કોઈ પણ સંજોગોમાં માન્ય રહેશે નહીં કે તેઓને પુનઃ પરિણામ રદ કરાવવાની કે જૂનું જમા કરાવેલ પરિણામ પરત મેળવવાની તક મળશે નહીં.

7. **પૂરક - પરીક્ષા :** માર્ચ-2013 ઉ.મા.પ્ર. પરીક્ષામાં જે ઉમેદવારો એક વિષયમાં પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા છે તેવા ઉમેદવાર જુલાઈ-2013 માં યોજાનાર પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર છે અને તેઓની યાદી પરિણામ સાથે મોકલી આપવામાં આવેલ છે. આવા ઉમેદવારોની સહી, પરીક્ષા ફીના ડી.ડી. સહિત તા. 25-6-2013 ના રોજ રૂબરૂમાં જિલ્લા કક્ષાએ સ્વીકારવામાં આવશે. આ અંગે ઉમેદવારોને જાણ કરવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિનિયમો સુધારેલા 2005 ના વિનિયમ નં. 16(1) મુજબ પૃથ્થક (આઈસોલેટેડ) ઉમેદવારો જુલાઈ 2013ની પૂરક પરીક્ષા આપી શકશે નહીં, માટે કોઈ પૃથ્થક ઉમેદવારના આવેદનપત્રો ભરાવવા નહીં.**

8. **વિજ્ઞાન પ્રવાહમાં પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા ઉમેદવારને સામાન્ય પ્રવાહમાં ખાનગી ઉમેદવાર તરીકે પાત્રતા :** ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા-વિજ્ઞાન પ્રવાહમાં પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા ઉમેદવાર માર્ચ-2014માં લેવાનાર ઉ.મા.પ્ર. પરીક્ષામાં પ્રવાહ ફેરફાર કરી સામાન્ય પ્રવાહની ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષામાં ખાનગી ઉમેદવાર તરીકે ઉંમરની બાધને ધ્યાનમાં લીધા સિવાય પરીક્ષા આપી શકે છે, આ બાબત અંગે વાલી/વિદ્યાર્થીને સમજ આપશો. જે અંગે આચાર્યશ્રીએ ઉમેદવારોને માર્ગદર્શન આપવું. **ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવાના અરજીપત્રકો ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના સ્ટડી સેન્ટર દ્વારા ભરવાના રહેશે જેની નોંધ લેવા જણાવવામાં આવે છે. આ અંગે વિગતવાર જાણકારી ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ મારફતે મળી શકશે.**

9. **Disabled ઉમેદવારો અંગે :** Disabled ઉમેદવારોને બોર્ડ દ્વારા માર્ચ-2013ની જાહેર પરીક્ષામાં 20% ગુણથી પ્રમાણપત્ર મેળવવાને પાત્રના ધોરણનો વિશેષ લાભ બોર્ડના પરીક્ષા વિનિયમ 38(4) થી આપવામાં આવેલ છે તે માટે મળેલ રજૂઆતો પૈકી જે ઉમેદવારોએ આ અંગે પૂરતા આધારો સાથે રજૂઆત કરેલ છે તેઓને લાભ આપવામાં આવેલ છે. આવા "Disabled" ઉમેદવારોના ગુણપત્રક તેઓને આપતા પહેલા ઉમેદવારના Disabled હોવાના અસલ પ્રમાણપત્રની ચકાસણી આચાર્યશ્રીએ કરી લેવી.

Disabled અંગેના પ્રમાણપત્ર-આધાર પુરાવાની ખાતરી કર્યા સિવાય કોઈ પણ Disabled ઉમેદવારને ગુણપત્રક-પ્રમાણપત્ર આપવું નહીં, જેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

જો કોઈ ઉમેદવારને બોર્ડ દ્વારા Disabled નો વિશેષ લાભ આપવામાં આવેલ હોય, પરંતુ તેના Disabled અંગેના સિવિલ સર્જન/આર.એમ.ઓ.ના પ્રમાણપત્ર બાબતે સંશય કે શંકા થાય તો તેવા ઉમેદવારના ગુણપત્રક-પ્રમાણપત્ર જરૂરી રજૂઆત સાથે બોર્ડને પરત કરવા. (ઉમેદવારને આપવા નહીં.)

**10. સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવા બાબત/માર્કશીટ - L.C.ની ખરાઈ કરવા અંગે :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી એસ.એસ.સી. (ધોરણ-10) પાસ કરી ધોરણ-11માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના માર્કશીટ/L.C.ની જે તે બોર્ડ/સંસ્થા/શાળાની ખરાઈ કરવા તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફથી નક્કી થયા મુજબ સમકક્ષતા પ્રમાણપત્ર રજૂ કરવા જણાવવામાં આવે છે. ખરેખર આચાર્યશ્રીએ વિદ્યાર્થીને પ્રવેશ વખતે જ આ કાર્યવાહી કરી લેવાની હોય છે. આપની શાળામાં આવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અને તે સિવાયના બોર્ડ/સંસ્થામાંથી એસ.એસ.સી. (ધોરણ-10) પાસ કર્યાના આધારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓની માર્કશીટ/-L.C.ની ખરાઈ કરવી અને સમકક્ષતા પ્રમાણપત્ર મેળવીને જ માર્ચ-2013ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાનું ગુણપત્રક-પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ અંગેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**(જી. એમ. રબારી)**
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સામાન્ય/વ્યવસાયલક્ષી ઉ.ઉ.બુ. પ્રવાહ

# પરિશિષ્ટ-1

અરજી સ્વીકારવાની છેલ્લી તા. : 24-06-2013

## ગુણ ચકાસણીનું અરજીપત્રક

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 45 અન્વયે પરીક્ષાના વિષયોમાં મેળવેલા ગુણની ચકાસણી કરાવવા માટેની અરજીનો નમૂનો

**'અરજીમાંની વિગતો અંગ્રેજી ભાષામાં લખવી.'**

| | |
|---|---|
| અરજી સ્વીકાર કેન્દ્ર નંબર | |
| અરજી સ્વીકાર પરના નોંધણી રજિસ્ટર મુજબ નોંધણી નંબર | |

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર

**વિષય : ગુણ ચકાસણી કરવા બાબત**

મહાશય,

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2013માં કેન્દ્ર .............................. નંબર ..........................થી આપી હતી. તેમાં નીચે જણાવેલ વિષયોમાં મેળવેલા ગુણોની ચકાસણી કરવા આથી હું આપને વિનંતી કરું છું. આ અંગેની જરૂરી વિગતો નીચે મુજબ છે.

**(TO BE FILLED IN ENGLISH BLOCK CAPITAL LETTERS ONLY)**

1. SEAT NO. | | | | | | | |  2. SCHOOL INDEX NO. | | | | | |

3. NAME OF THE CANDIDATE AND POSTAL ADDRESS :

NAME ____________________

FULL ADDRESS ____________________

____________________

____________________

TA ____________________ DIST. ____________________

MOBILE NO. ____________________ PIN CODE ____________________

S.T.D CODE : ____________________ PHONE NO. ____________________

5. SUBJECT/S TO BE VARIFIED.

| SR. NO. | NAME OF SUBJECT | SUB. CODE NO. | SERIAL NO. OF ANSWER BOOK | NO. OF SUPPLI. ATTACHED | MARKS OBTAINED | |
|---|---|---|---|---|---|---|
| | | | | | AS PER MARKSHEET | AS PER SCHOOL PRELIMANARY EXA. |
| 1. | | | | | | |
| 2. | | | | | | |
| 3. | | | | | | |
| 4. | | | | | | |
| 5. | | | | | | |
| 6. | | | | | | |
| 7. | | | | | | |

---

**ગુણ ચકાસણી કરવા બાબતની અરજી મળ્યા બાબતની પહોંચ (અરજદારે જ ભરવી.)** નોંધણી નંબર : [ ]

શ્રી ____________________ બેઠક નંબર | | | | | | | |

ની માર્ચ-2013ની H.S.C. પરીક્ષાના વિષય કોડ : | | | | | | | | ના ગુણ ચકાસણી બાબતની અરજી અને તે સાથે ફી પેટે રૂ. [ ] નો માઇકર ડિમાન્ડ ડ્રાફ્ટ નં. ____________________ મળ્યા બદલ આ પાવતી આપવામાં આવે છે.

સ્થળ :

તારીખ : ....../....../2013

(નોંધ : સરનામું વિગતવાર લખવું.)

અરજી સ્વીકારનારની સહી અને નામ
અરજી સ્વીકાર કેન્દ્ર નં. ________ અને સિક્કો

6. ફીની રકમ મોકલવાની વિગત : એક વિષયના રૂા. 100/- લેખે .................. વિષયના કુલ રૂા. ....................
અંકે રૂપિયા ...................................................... માઈકર ડિમાન્ડ ડ્રાફ્ટ ........................
નંબર, બેંકનું નામ .................................. સ્થળ ........................ સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના નામનો મોકલું છું.

7. પરીક્ષાનું સમગ્ર પરિણામ વર્ષ : માર્ચ-2013

| વિષય કોડ નં. | | | | | | | | | | | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મેળવેલ ગુણ | | | | | | | | | | | |

પરિણામ : પાસ : ☐ નાપાસ : ☐

તારીખ : / /2013 **પરીક્ષાર્થીની સહી** ____________________

**સવિનય રવાના શાળાના આચાર્યશ્રી મારફત**

સવિનય ભલામણસહ રવાના :

જાવક નંબર :

તા. / /2013

ઉપરોક્ત પરીક્ષાર્થીના વિષયવાર જે ગુણો દર્શાવ્યા છે તે બેઠક નંબર, નામ વગેરે મેં અસલ ગુણપત્રક અને શાળા નોંધ તેમજ પ્રવેશિકા સાથે મેળવી જોયા છે અને તે સાચા છે. સદર પરીક્ષાર્થીએ ઉપરોક્ત વિષયો માટે ઉત્તરવહીઓના ગુણચકાસણીની અન્ય કોઈ અરજી કરેલ નથી, જેની હું શાળા દફતર આધારે ખાતરી આપું છું.

શાળાનો ઈન્ડેક્ષ નંબર : ☐☐☐☐☐

તા. / /

**સ્થળ :**

**શાળાના આચાર્યની સહી તથા સિક્કો**

નોંધ : (1) **આ અરજી સાથે ગુણપત્રકની પ્રમાણિત ઝેરોક્ષ નકલ તથા પ્રવેશિકાની (ફી-રસીદ) પ્રમાણિત ઝેરોક્ષ નકલ મોકલવી.** અસલ ગુણપત્રક મોકલવું નહીં.

(2) ફીના ચૂકવણી માટે 'સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર'ના નામ જોગ Micer, D.D./Pay Order, **રાષ્ટ્રીયકૃત બેંકનો** Payble at Ahmedabad નો રજૂ કરવાનો રહેશે. અન્યથા અરજી રદબાતલ રહેશે.

(3) ઉત્તરવહીની ગુણ ચકાસણીની અરજી જે તે જિલ્લાના નિયત 'અરજી સ્વીકાર કેન્દ્ર' પર રૂબરૂમાં આપી પહોંચ મેળવવાની રહેશે. બોર્ડમાં રૂબરૂ અથવા ટપાલથી અરજી સ્વીકારવામાં આવશે નહીં.

(4) આ અરજીપત્રકમાં ફક્ત ગુણ ચકાસણીની જ અરજી મોકલવી, ઉપરના ક્રમાંક (1) અને (2) સિવાયનું અન્ય કોઈ જ બિડાણ મોકલવું નહીં.

(5) આ ફોર્મ નમૂનાનું છે. જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.

(6) અરજીપત્રકમાં ઉમેદવારનું પૂરેપૂરું સરનામું (ફોન સહિત) સુંદર અક્ષરે અવશ્ય ભરવાનું રહેશે, જેની ખાતરી આચાર્યશ્રીએ કરવી.

(7) કોઈ પણ ઉમેદવારે એકથી વધુ વાર ગુણ-ચકાસણીની અરજી કરવી નહીં. કોઈ ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરશે તો પ્રથમ મળેલ અરજી ધ્યાનમાં લેવાશે.

(8) ગુણ-ચકાસણી માટેની અરજી જે-તે જિલ્લાના નિયત કરેલ સ્વીકારકેન્દ્રો ઉપર તા. 24-06-2013 સુધી જ સ્વીકારવામાં આવશે.

અરજી સ્વીકારવાની છેલ્લી તા. : 24-06-2013

# પરિશિષ્ટ-3

સામાન્ય/વ્યવસાયલક્ષી/ઉ.ઉ.બુ. પ્રવાહ

## દફતર ચકાસણીનું અરજીપત્રક

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

**જે તે વિષયની પરીક્ષા આપી હોવા છતાં ગેરહાજર અથવા જે વિષયમાં બેઠા હોય તેને બદલે અન્ય વિષયમાં ગુણ દર્શાવ્યા હોય ત્યારે જ આ પત્રકમાં અરજી કરવી.**

(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 52 અન્વયે અરજી પરિણામ જાહેર થયાની તારીખથી બે અઠવાડિયા સુધી (ફી વગર) બોર્ડની કચેરીએ સ્વીકારવામાં આવશે.)

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

શાળાક્રમાંક ☐☐☐☐☐

સ્થળ : ______________

તારીખ : ...../...../2012

**વિષય : માર્ચ-2013ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં દફતર ચકાસણી કરવા બાબત.**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2013માં કેન્દ્ર ______________ માં બેઠક નંબર ______________ થી આપી હતી. તેમાં નીચે જણાવેલા વિષયોમાં મને ગેરહાજર દર્શાવવામાં આવ્યા છે, જ્યારે ને વિષયોની મેં ખરેખર પરીક્ષા આપી છે. આ બાબતે યોગ્ય તપાસ કરવા વિનંતી છે. જરૂરી વિગતો નીચે પ્રમાણે છે.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ______________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ______________
______________
______________ (STD CODE સહિત) ફોન નંબર : ______________
3. બેઠક નં. : ______________ 4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ______________
5. જે વિષયોમાં પરીક્ષામાં હાજર હોવા છતાં ગેરહાજર બતાવવામાં આવ્યા હોય તે વિષયો :

| ક્રમ નંબર | વિષયનું નામ | જવાબની ભાષા | બ્લોક નંબર | શાળાની પૂર્વ-પરીક્ષામાં પ્રાપ્ત ગુણ | પ્રવેશિકા (ફી-રસીદ)માં દર્શાવેલ જવાબવહી નંબર |
|---|---|---|---|---|---|
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |
| 5 | | | | | |

6. ઉમેદવારને પોતાના નિયત બ્લોક સિવાય અન્ય બ્લોકમાં બેસાડવામાં આવ્યા હોય, તો તે શાળાનું નામ અને બ્લોક નંબર ______________

---

**દફતર ચકાસણી બાબત રજૂ કરેલ દરખાસ્તની સ્વીકાર પહોંચ**
(અરજદારે જ ભરવી, દરખાસ્ત નંબર સિવાય)

શાળાક્રમાંક ☐☐☐☐☐

દરખાસ્ત નંબર ☐

શ્રી ______________ બેઠક નંબર ☐☐☐☐☐☐☐

ની માર્ચ-2013ની H.S.C. પરીક્ષાના વિષય કોડ : ☐☐☐☐☐☐☐ ના દફતર ચકાસણી બાબતની અરજી મળ્યા બદલ આ પાવતી આપવામાં આવે છે.

સ્થળ :

તારીખ :..../..../ 2013

**(નોંધ : દફતર ચકાસણી માટેની અરજી બોર્ડની કચેરીમાં તા. 24-06-2013 સુધી જ ઑફિસ સમય દરમિયાન સ્વીકારવામાં આવશે.)**

**અરજી સ્વીકારનારની સહી અને કચેરીનો સિક્કો**

7. **આ અરજી સાથે ઉમેદવારનું અસલ ગુણપત્રક જોડવાનું રહેશે. ફી-રસીદની શાળાના આચાર્યએ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ સામેલ કરવી.**

ઉમેદવારની સહી : ______________________

(પ્રવેશિકા મુજબ)

સ્થળ : ______________________ તારીખ : ______________________

આથી હું પ્રમાણિત કરું છું કે ઉપરોક્ત જણાવેલ વિગતોની મેં ચકાસણી કરી છે જે શાળાના દફતરની નોંધ મુજબ સાચી છે.

ધો. 12ની પરીક્ષા માટેનો શાળાના ઈન્ડેક્ષ નંબર | | | | | |

જાવક નં. : ______________________

**તારીખ :** ..../..../2013

**સ્થળ :**

શાળાના આચાર્યનો સહી અને સિક્કો

શાળાનો રબ્બર સ્ટેમ્પ

ખાસ નોંધ : (1) આ ફોર્મ માત્ર નમૂનાનું છે, જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.

(2) અરજી સાથે ઉમેદવારની ફી રસીદની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી અનિવાર્ય છે.

(3) ગુણપત્રકની અસલ અને પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી અનિવાર્ય છે.

(4) શાળાકીય પ્રાયોગિક પરીક્ષામાં ગેરહાજર દર્શાવેલ હોય તો શાળાએ બોર્ડને મોકલાવેલ ગુણપત્રકની વિગતો જોડવી.

# પરિશિષ્ટ-4

તમામ પ્રવાહ માટે

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

શાળાક્રમાંક ☐☐☐☐☐

વિષય : માર્ચ/જુલાઈ ________ ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ/અટકમાં સુધારો કરવા બાબત.

બેઠક નંબર ☐☐☐☐☐☐☐

જય ભારત સહ જણાવવાનું કે, હું ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ/જુલાઈ ________ની પરીક્ષાના મારા પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા માટે અરજી કરું છું. મારું અસલ પ્રમાણપત્ર/ગુણપત્રક આ સાથે સામેલ છે.

(1) સુધારો કરવાની જરૂરી વિગત નીચે પ્રમાણે છે.

| | પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો (અંગ્રેજીમાં) | સુધારાની વિગત (અંગ્રેજીમાં) |
|---|---|---|
| અ. | અટક (અંગ્રેજીમાં) ________ | ________ |
| બ. | નામ (અંગ્રેજીમાં) ________ | ________ |
| ક. | પિતા/પતિનું નામ (અંગ્રેજીમાં) ________ | ________ |

(2) અરજદારનું ઘરનું સંપૂર્ણ સરનામું (ગુજરાતી)

________

________

મુ. પો. ________

તાલુકો : ________

પીન કોડ નંબર ☐☐☐☐☐☐

ફોન નંબર (STD CODE સહિત) : ________ મોબાઈલ નંબર : ________

(3) ફીની રકમ રૂા. 50 (જે તે વર્ષના પરિણામના 3 માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી.)

અ. ડિમાન્ડ ડ્રાફટથી મોકલી હોય તો ડી.ડી.નં. ________ તા. ________

બેંકનું નામ ________ શાખાનું નામ ________

બ. રોકડેથી બોર્ડમાં ભરી હોય તો રોકડ રસીદ નંબર ________ તા. ________

ઉમેદવારની સહી

જા.નં. ______________________

તારીખ ______________________

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

અમારી શાળાના ઉમેદવારશ્રી .................................................................. એ વર્ષ ............. માં બેઠક નંબર ............................... થી પરીક્ષા આપેલ છે. જેમના ગુણપત્રક/પ્રમાણપત્રકમાં અરજીપત્રમાં દર્શાવેલ વિગતોમાં શાળા દફતર મુજબ ચકાસણી કરતાં ભૂલ જણાય છે અને આ સાથે નામ/અટક સુધારા માટેનું જાહેરનામું હું રજૂ કરું છું તો અરજીપત્રકમાં સુધારાની વિગતમાં દર્શાવ્યા મુજબનો સુધારો આપવા ભલામણ છે.

શાળાનો ધોરણ-12નો ઈન્ડેક્ષ નંબર | | | . | | |

**શાળાના આચાર્યનો સહી અને સિક્કો**

## ખાસ નોંધ :

(1) પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો શાળાના જનરલ રજિસ્ટર તેમજ એલ.સી. સાથે મળતી ના આવતી હોય તો જ સુધારો કરવામાં આવે છે.

(2) એફીડેવીટ, મ્યુનિસિપલનો દાખલો તેમજ ગેઝેટની નકલ પરથી સુધારો કરવામાં આવતો નથી.

(3) નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. **ઉમેદવારનું અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર**
2. ધોરણ-12ના એલ.સી.ની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
3. ધોરણ-10ના એલ.સી. તેમજ તેની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
4. એસ.એસ.સી. (ધોરણ-10)ના ગુણપત્રક અને પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી નકલ.
5. ઉમેદવારની ફી રસીદની નકલ સામેલ કરવી.
6. પરિણામના ત્રણ માસમાં નામ સુધારા કરવા માટેની રજૂઆત માટે કોઈ ફી લેવામાં આવતી નથી અને મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર રિપ્રિન્ટ કરી આપવામાં આવે છે.
7. સમય-મર્યાદા બહાર નામ સુધારા માટેની રજૂઆતો માટે રૂા. 50 ફી લેવામાં આવે છે અને ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(4) ધોરણ-10ના ગુણપત્રક/પ્રમાણપત્રમાં અને શાળાના જનરલ રજિસ્ટરમાં જે વિગત હોય તે વિગત મુજબનો સુધારો થઈ શકશે.

(5) **નામ/અટક/પિતાના નામ સુધારાની અરજી સાથે શાળાના આચાર્યશ્રીએ રજૂ કરવાનું જાહેરનામું પરિશિષ્ટ-"I" સામેલ રાખવાનું રહેશે.**

# પરિશિષ્ટ-I

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા
## પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

આથી હું (આચાર્યનું નામ) ______________________________

______________________________ હાઈસ્કૂલના વડા તરીકે જાહેર કરું છું.

અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે..

(1) શાળાનું નામ ______________________________

હું ______________________________ હાઈસ્કૂલના વડા સદર હું

શાળામાં માહે ______________ થી કામ કરું છું.

(2) શાળાનું જનરલ રજિસ્ટર મેં જાતે તપાસ્યું છે અને ખાતરી કરી છે કે ઉમેદવાર

(ઉમેદવારનું નામ) શ્રી ______________________________ ની જનરલ

રજિસ્ટરમાં નોંધ નીચે પ્રમાણે છે.

અ. પૂરેપૂરું નામ (અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં)

અટક : ______________________________

નામ : ______________________________

પિતા/પતિનું નામ : ______________________________

બ. જનરલ રજિસ્ટર નંબર : ______________________________

(3) આથી પ્રમાણિત કરું છું કે, શાળાના જનરલ રજિસ્ટરની અસલ નોંધમાં અનધિકૃત રીતે કોઈ ફેરફાર કરેલો નથી.

(4) માહે માર્ચ/જુલાઈ __________ની એચ.એસ.સી. પરીક્ષામાં સદર પરીક્ષાર્થીએ બેઠક નંબર ______________ કેન્દ્ર ______________પર પરીક્ષા આપી છે.

(5) પરીક્ષાના પ્રમાણપત્રો/ગુણપત્રકો તા. ______________ ના રોજ શાળાને મળ્યા હતા.

શાળાના ધોરણ-12નો ઈન્ડેક્ષ નંબર

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

શાળાના વડાની સહી અને
શાળાનો સિક્કો

જાવક નં. :

તારીખ :

અરજી સ્વીકારવાની છેલ્લી તા. : 10-07-2013

# પરિશિષ્ટ-5

તમામ પ્રવાહ માટે

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

## મેળવેલ ગુણ તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક

(પરીક્ષા વિનિયમ ૪૦(૪) મુજબ પરિણામ જાહેર થયાની તારીખથી ૩૦ દિવસ સુધી (ફી વગર) બોર્ડની કચેરીએ રૂબરૂમાં અરજી સ્વીકારવામાં આવશે.)

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

શાળાક્રમાંક ☐☐☐☐☐
સ્થળ : ____________
તારીખ : ...../...../ 2013

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2013માં મેળવેલ ગુણની તૂટ ન સ્વીકારવા બાબત.**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2013માં નીચે જણાવેલા વિષયોમાં ખૂટતા ગુણની તૂટ મેળવીને નીચે દર્શાવેલ વિષયો સાથે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ છે.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ____________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ____________
____________
____________ (STD CODE સહિત) ફોન નંબર : ____________
3. બેઠક નં. : ____________ 4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ____________

| ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ | ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | | | 6. | | |
| 2. | | | 7. | | |
| 3. | | | 8. | | |
| 4. | | | 9. | | |
| 5. | | | 10. | | |

ઉપર મુજબનું ખૂટતા ગુણ સાથેનું ઉત્તીર્ણ થવાનું પરિણામ સ્વીકારવા હું સંમત નથી. તો ખૂટતા ગુણની તૂટ રદ કરી સુધારેલ, નાપાસનું પરિણામ જાહેર કરવા વિનંતી.

આ અરજી મેં મારા વાલીની સંમતિથી કરેલ છે. મારા વાલીએ સંમતિ બદલ નીચે તેમની સહી કરેલ છે.

સ્થળ : ____________ ઉમેદવારની સહી ____________

તારીખ :..../..../2013

ઉપર મુજબની મારા પુત્ર/પુત્રી/પાલ્યની અરજી મારી વિચારણાને અંતે રજૂ કરેલી છે. જેમાં હું સંમતિ દર્શાવું છું.

વાલીની સહી ____________

વાલીનું નામ ____________

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

**ગુણતૂટ રદ કરવા માટેની અરજી આજરોજ મળેલ છે. દરખાસ્ત નંબર** ☐ શાળાક્રમાંક ☐☐☐☐☐

શ્રી ____________ બેઠક નંબર ☐☐☐☐☐☐☐

નીમાર્ચ-2013ની H.S.C. પરીક્ષાના વિષય કોડ : ☐☐☐☐☐☐☐ ના દફતર ચકાસણી બાબતની અરજી મળ્યા બદલ આ પાવતી આપવામાં આવે છે.

સ્થળ :

તારીખ :..../..../2013

**નોંધ :** ગુણ તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક બોર્ડની કચેરીમાં તા. 10-07-2013 સુધી જ ઑફિસ સમય દરમિયાન રૂબરૂમાં સ્વીકારવામાં આવશે.

અરજી સ્વીકારનારની સહી અને
કચેરીનો સિક્કો

જા.નં. ______________________

સ્થળ ______________________

તારીખ ______________________

પ્રતિ,

પરીક્ષા સચિવશ્રી,
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
ગાંધીનગર.

આથી હું પ્રમાણિત કરું છું કે, ગુણ તૂટ ન સ્વીકારવાની અરજી કરનાર ઉમેદવાર ______________________ બેઠક નંબર ______________________ દ્વારા ઉપરોક્ત જણાવેલ વિગત સાચી છે. તેની મેં પ્રત્યક્ષ ચકાસણી કરી છે અને ઉક્ત ઉમેદવારની લેખિત રજૂઆત મુજબનું તેમનું પરિણામ જાહેર કરવા ભલામણ કરું છું. સદર ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર આ સાથે સામેલ રાખી મોકલી આપું છું.

ઉમેદવારનો બેઠક નંબર : ______________________

ધોરણ-12ની પરીક્ષાનો
શાળાનો ઇન્ડેક્ષ નંબર : | | | | | |

પરિણામ જાહેર થયાની તારીખ : ______________________

**શાળાના આચાર્યનો સહી તથા સિક્કો**

**નોંધ : (1) ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ જો ઉમેદવારે ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવેલ હોય તો અરજી સાથે અવશ્ય રવાના કરવું.**

**(2) આ ફોર્મ માત્ર નમૂનાનું છે. જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.**

અરજી સ્વીકારવાની તા. : 01-09-2013 to 30-09-2013

# પરિશિષ્ટ-4

તમામ પ્રવાહ માટે

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

## ઉત્તીર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારવા પુનઃ ઉપસ્થિત થવા માટેનું અરજીપત્રક

(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 29(3) અન્વયે)

શાળાક્રમાંક ☐☐☐☐☐

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

સ્થળ : ________________

તારીખ : ...../...../ 2013

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, માર્ચ-2013માં અન્વયે ઉત્તીર્ણ થયેલ પરિણામ જમા કરાવવા બાબત**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2013માં નીચે જણાવેલા વિષયો સાથે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ છે. હું મારું મેળવેલ પરિણામ જમા કરાવીને માર્ચ-2014ની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગુ છું.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ________________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ________________
________________
________________ (STD CODE સહિત) ફોન નંબર : ________________
3. બેઠક નં. : ________________ 4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ________________
5. ધોરણ 10નો બેઠક નંબર : ________________ પાસ કર્યાનું વર્ષ ________________ પ્રયત્ન ________________

| ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ | ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | | | 6. | | |
| 2. | | | 7. | | |
| 3. | | | 8. | | |
| 4. | | | 9. | | |
| 5. | | | 10. | | |

**ઉપર મુજબનું ઉત્તીર્ણ થયાનું પરિણામ સ્વીકારવા હું સંમત નથી. તો મારું પરિણામ પરત સ્વીકારી માર્ચ-2014 માટે પુનઃ ઉપસ્થિત થઈ ઉક્ત વિષયો સાથે મારું પરિણામ સુધારવા મંજૂરી આપશો. મને ઉક્ત વિષયોમાં મુક્તિ મળી શકશે નહીં તેમજ હું શાળામાં પુનઃ પ્રવેશ મેળવીશ નહીં અને માર્ચ-2014નું જે પરિણામ આવશે તે મને બંધનકર્તા રહેશે.**

આ અરજી મેં મારા વાલીની સંમતિથી કરેલ છે. મારા વાલીએ સંમતિ બદલ નીચે તેમની સહી કરેલ છે.

સ્થળ : ________________ ઉમેદવારની સહી ________________

તારીખ :..../..../ 2013

ઉપર મુજબની મારા પુત્ર/પુત્રી/પાલ્યની અરજી મારી વિચારણાને અંતે રજૂ કરેલી છે. જેમાં હું સંમતિ દર્શાવું છું.

વાલીની સહી ________________

શાળા ક્રમાંક : ________________ વાલીનું નામ ________________

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

**ઉત્તીર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારા માટેનું અરજીપત્રક આજરોજ મળેલ છે. દરખાસ્ત નંબર ...............**

નામ : ________________

બેઠક ક્રમાંક : ________________ શાળાક્રમાંક ☐☐☐☐☐

**નોંધ : ઉત્તીર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારા માટેનું અરજીપત્રક બોર્ડની કચેરીમાં તા. 01-09-2013 થી તા. 30-09-2013 સુધી જ રૂબરૂ ઑફિસ સમય દરમિયાન રૂબરૂ સ્વીકારવામાં આવશે.**

અરજી સ્વીકારનારની સહી અને
કચેરીનો સિક્કો

જા.નં. ____________________

સ્થળ ____________________

તારીખ ..... / ..... /2013

પ્રતિ,

પરીક્ષા સચિવશ્રી,
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
ગાંધીનગર.

આથી હું પ્રમાણિત કરું છું કે, શ્રી ____________________ તેઓનો ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ- 2013ના બેઠક નંબર ____________________ નું પરિણામ સુધારા માટે પરિણામ જમા કરાવવાની અરજીમાં જણાવેલ વિગત સાચી છે. તેની મેં પ્રત્યક્ષ ચકાસણી કરી છે અને ઉક્ત ઉમેદવારની લેખિત રજૂઆત મુજબનું તેમનું પરિણામ રદ કરવા ભલામણ કરું છું. મજકુર ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ L.C.ની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપું છું. ઉક્ત ઉમેદવારે માર્ચ-2013ની પરીક્ષામાં જ ઉત્તીર્ણ થયેલ છે. જેની ખાતરી આપું છું.

ઉમેદવારનો બેઠક નંબર : ____________________

ધોરણ-12ની પરીક્ષાનો
શાળાનો ઈન્ડેક્ષ નંબર : | | | | | |

પરિણામ જાહેર થયાની તારીખ : ____________________

**શાળાના આચાર્યની સહી તથા સિક્કો**

**નોંધ :**

**(1)** **ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ જો ઉમેદવારે ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવેલ હોય તો અરજી સાથે અવશ્ય રવાના કરવું.**

**(2)** **શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.**

**(3)** **આ ફોર્મ માત્ર નમૂનાનું છે. જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.**

**(4)** **ધોરણ 10 પાસ કર્યાના ગુણપત્રક / પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.**

**(5)** **ધોરણ 12માં માર્ચ 2013માં રીપીટર ઉમેદવાર તરીકે ઉત્તીર્ણ થયેલ હોય તેવા ઉમેદવારોના અગાઉની ધોરણ 12ની પરીક્ષામાં ગુણપત્રકોની પ્રમાણિત નકલ.**

# પરિશિષ્ટ-H

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, માર્ચ-2013

ગુણ ચકાસણી માટેની અરજીઓ નીચે જણાવેલ

"અરજી સ્વીકાર કેન્દ્ર" પર (સ્થળોએ) સ્વીકારવામાં આવશે.

**અરજીઓ સ્વીકારવાનો સમય સવારે 11-00 કલાકથી સાંજના 5-00 કલાક સુધીનો રહેશે.**

| અરજીઓ સ્વીકાર કેન્દ્ર નંબર | સ્થળ સંસ્થાનું નામ/સરનામું | જિલ્લાનું નામ |
|---|---|---|
| 1. | દિવાન બલ્લુભાઈ હાઈસ્કૂલ, ટાગોર હોલ સામે, પાલડી, અમદાવાદ | અમદાવાદ (શહેર ગ્રામ્ય વિસ્તાર) |
| 2. | શ્રીજી વિદ્યાલય, ઘંટી સ્ટેન્ડ પાસે, બાપુનગર, અમદાવાદ | અમદાવાદ (શહેર ગ્રામ્ય વિસ્તાર) |
| 3. | સી. એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ | અમદાવાદ (શહેર ગ્રામ્ય વિસ્તાર) |
| 4. | પ્રણામ વિદ્યાલય, સપના ટોકિઝની બાજુમાં, સરખેજ | અમદાવાદ (ગ્રામ્ય ગ્રામ્ય વિસ્તાર) |
| 5. | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બહુમાળી મકાન, સેક્ટર-11, ગાંધીનગર | ગાંધીનગર |
| 6. | ધી ન્યૂ પ્રોગ્રેસિવ હાઈસ્કૂલ, મહેસાણા | મહેસાણા |
| 7. | વી. કે. ભુલા હાઈસ્કૂલ, પાટણ | પાટણ |
| 8. | વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર, જિ.બનાસકાંઠા | બનાસકાંઠા |
| 9. | હિંમત હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, હિંમતનગર | સાબરકાંઠા |
| 10. | ધી ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ, રેલવે સ્ટેશન પાછળ, નડિયાદ | નડિયાદ |
| 11. | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી - સેવાસદન, આણંદ | આણંદ |
| 12. | શારદા મંદિર હાઈસ્કૂલ, સલાટવાડા, વડોદરા | વડોદરા |
| 13. | એમ. કે. હાઈસ્કૂલ, અલકાપુરી, વડોદરા | વડોદરા |
| 14. | નારાયણ વિદ્યાલય, વાઘોડિયા રોડ, વડોદરા | વડોદરા |
| 15. | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સેવાશ્રમ પાસે, હોસ્ટેલ ગ્રાઉન્ડ, ભરૂચ | ભરૂચ |
| 16. | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, દરબાર રોડ, રાજપીપળા | નર્મદા-રાજપીપળા |
| 17. | જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી, વલસાડ | વલસાડ, દમણ, દાદરા નગર-હવેલી |
| 18. | નગરપાલિકા હાઈસ્કૂલ, નવસારી | નવસારી |
| 19. | બી.એ.બી.એસ. હાઈસ્કૂલ | બારડોલી, જિ. સુરત |
| 20. | ટી. એન. ટી. વી. હાઈસ્કૂલ, નાનપુરા, સુરત | સુરત (શહેર વિસ્તાર માટે) |
| 21. | શ્રીમતી લીલાબા કન્યા વિદ્યાલય, લાલદરવાજા, સ્ટેશન પાસે | સુરત (શહેર વિસ્તાર માટે) |
| 22. | તેલંગ હાઈસ્કૂલ, ગોધરા | પંચમહાલ |
| 23. | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, દાહોદ | દાહોદ |
| 24. | સરકારી હાઈસ્કૂલ, વઘઈ, જિ. ડાંગ | ડાંગ |
| 25. | કરણસિંહજી હાઈસ્કૂલ, કરણપરા, રાજકોટ | રાજકોટ |
| 26. | જી. ટી. શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ, કાલાવાડ રોડ, રાજકોટ | રાજકોટ |
| 27. | એસ.વી. વિરાણી હાઈસ્કૂલ, ટાગોર માર્ગ, રાજકોટ | રાજકોટ |
| 28. | નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, ભાવનગર | ભાવનગર |

| અરજીઓ સ્વીકાર કેન્દ્ર નંબર | સ્થળ સંસ્થાનું નામ/સરનામું | જિલ્લાનું નામ |
|---|---|---|
| 29. | નવાનગર હાઈસ્કૂલ, જામનગર | જામનગર |
| 30. | શેઠ એન.ટી.એમ. હાઈસ્કૂલ, મેળાના મેદાન પાસે, વાદીપરા, સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર |
| 31. | કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ, લાઠી રોડ, અમરેલી | અમરેલી |
| 32. | ન્યૂ બેસ્ટ હાઈસ્કૂલ, રેલવે સ્ટેશન પાસે, જોષીપુરા, જૂનાગઢ | જૂનાગઢ તથા દીવ |
| 33. | એમ. પી. ગર્લ્સ સરકારી હાઈસ્કૂલ, વેરાવળ | જૂનાગઢ તથા દીવ |
| 34. | ભાવસિંહજી હાઈસ્કૂલ, પોરબંદર | પોરબંદર |
| 35. | શ્રી ઈન્દ્રબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, ભૂજ | કચ્છ |
| 36. | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મુ. વ્યારા, જિ. તાપી | તાપી |

**નોંધ :** ગુણચકાસણીની અરજી સાથે ફીના ચૂકવણી માટે 'સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર'ના નામે જોગ Micer D.D./Pay Order, **રાષ્ટ્રીયકૃત બેંકનો** Payable of Ahmedabad નો રજૂ કરવાનો રહેશે; અન્યથા અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.